# કાળઝાળ ગરમીમાં સેકટરોમાં પાણીના સપ્લાયમાં ૮ એમ.એલ.ડી.નો વધારો

**શહેરના સેકટરોમાં હાલ નર્મદા અને સેકટરોના બોરમાંથી પ્રતિદિન અંદાજિત ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે : શિયાળાની ગરમીના દિવસો કરતા કાતિલ ગરમીમાં પાણીના વપરાશની સાથે સપ્લાય પણ પુરતા પ્રમાણમાં આપવામાં આવતો હોવાનો તંત્રનો દાવો**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં કાળઝાળ ગરમીની મોસમ નિખરી છે. ગરમીનો પારો ૪૪ થી ૪૬ ડીગ્રીની આસપાસ ચઢઉતર થઈ રહ્યો છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓ ગરમીથી તોબા છે. જયારે ગરમીના ઉગ્ર મિજાજની સાથે શહેરમાં પાણીનો વપરાશ પણ નોંધપાત્ર વધ્યો છે. શિયાળાની ઠંડીના દિવસોની સાપેક્ષમાં શહેરમાં પ્રતિદિન ૭ થી ૮ એમ એલ ડી પાણીનો સપ્લાય વધુ આપવામાં આવે છે. સેકટરોમાં નર્મદા અને બોર આધાારિત પાણી સપ્લાય કરવામાં આવે છે. લાઈનમાં પાણી ભરવા માટે સેકટરોના બોર આધારિત સપ્લાય મેળવવામાં આવે છે. શહેરમાં નર્મદા અને બોર આધારિત ૬૫ એમ એલ ડી જેટલો પુરવઠો પ્રતિદિન સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં જુની લાઈન અને ટોપોગ્રાફીના લીધે પાણીની પોકાર છાશવારે ઉઠતી રહે છે. જો કે ગાંધીનગરમાં માથાદીઠ પાણીનો વપરાશ સમગ્ર દેશમાં સૌથી વધુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરાઓ પહેલેથી જ છુટથી પાણી વાપરવા માટે ટેવાયેલા છે. ત્યારે સેકટરવાસીઓની જરૂરિયાત સંતોષવા માટે પુરતો સપ્લાય આપવામાં આવતો હોવાનુ પણ તંત્ર જણાંવે છે.

ગાંધીનગર શહેરમાં અંદાજિત દોઢ દાયકા પુર્વે પાણીનો સપ્લાય બે તબક્કામાં આપવામાં આવતો હતો અલબત્ત જુના અને નવા સેકટરોમાં સવારે અને સાંજે તેમ બે બે કલાક પાણી સપ્લાય કરવામાં આવતુ હતુ ત્યારબાદ નવા સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની સાથે સે-૫ માં નવી ટાંકી તૈયાર કરી દેવાતા ધીમે ધીમે જુના અને નવા સેકટરોમાં એક સાથે સપ્લાય આપવાનુ શરૂ કરાયુ છે. ગાંધીનગરમાં સમગ્ર દેશમાં સૌથી વધુ પાણીનો વપરાશ હોવાનો અંદાજ છે. સેકટરવાસીઓ દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરે છે. શહેરના સેકટરોમાં પથરાયેલા રહેણાંક વિસ્તારની સાથે કોર્મશિલય ઝોન અને સરકારી કચેરીઓમાં પાણીના વપરાશની સાથે પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. જયારે સેકટરોની ટોપોગ્રાફીના લીધે પણ નીચાણ અને ઉપરના વિસ્તારમાં સ્થિત રહેણાંકમાં પાણી પુરતા ફોર્સથી આપવાના મામલે ઘણીવાર ફરિયાદો ઉઠવા પામે છે. ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશ ઘટી જતા સપ્લાય પણ પ્રમાણમાં માપસર આપવામાં આવે છે. જયારે હાલ આકરી ગરમીના દિવસોમાં પાણીનો ઉપયોગ વધતા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ હોવાનુ પણ તંત્ર દ્વારા જણાંવાયુ છે. હાલ શહેરમાં એકાબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાની કામગીરી પણ ચાલી રહી છે. જયારે બીજીતરફ આકરા ઉનાળે પાણીની બુમ ન ઉઠે તે માટે પણ રોજબરોજ સપ્લાય પુરતા પ્રમાણમાં થાય તેની વિશેષ કાળજી રાખવામાં આવે છે. શહેરના સે-૧ થી ૧૩ માં સરીતા અને સે-૫ ની ટાંકીના આધારે પાણી વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જેમાં સરીતાના સંપના આધારે પ્રતિદિન ૧૮ એમ એલ ડી અને સે-૫ ની ટાંકીના આધારે પ્રતિદિન ૧૧ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. આમ નગરના નવા સેકટરોમાં રોજ ૩૬ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે સે-૧૪ થી ૩૦ માં ચરેડી સ્ટેશનથી રોજ ૨૫ એમ એલ ડી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. આ ઉપરાંત ૧૨ એમ એલ ડી પાણી સેકટરોના બોરના આધારે સપ્લાય થાય છે. આ મુજબ પ્રતિદિન સેકટરોમાં ૫૫ એમ એલ ડી નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. આ ઉપરાંત સેકટરોમાં કાર્યરત બોર આધાારિત પણ ૧૫ એમ એલ ડી પાણી સપ્લાય થાય છે. એક એમ અલ ડી પાણીના જથ્થામાં અંદાજિત ૧૦ લાખ લીટર પાણી સપ્લાય કરવામાં આવે છે.

શહેરમાં બોર અને નર્મદા આધારિત પાણીનો સપ્લાય ગરમીના દિવસોમાં વધારી દેવાયો છે. જેમાં મુખ્યત્વે બોર વધારે સમય ચાલુ રાખવામાં આવે છે જેથી સેકટરોમાં ઠંડીના દિવસો કરતા ગરમીમાં પાણીનો સપ્લાય વધારી દેવાયો છે. હાલ ગરમીનુ સ્વરૂપ પણ રૌદ્ર છે. જયારે કાતિલ ગરમીમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. જેના લીધે સેકટરોનો કોઈ પોકેટમાં સપ્લાયની વધઘટની સમસ્યા થાય છે. પરંતુ પાણી પુરતા પ્રમાણમાં સપ્લાય કરવામાં આવે છે. અલબત્ત શિયાળાની સાપેક્ષમાં ગરમીના દિવસોમાં અંદાજિત ૭ થી ૮ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે.



## ગરમીમાં સેકટરોના ૫૦ બોર ત્રણ કલાક વધારે ચલાવાય છે

શહેરમાં આકરા ઉનાળે સેકટરોમાં પુરતો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે કાતિલ ગરમીમાં પાણીનો સપ્લાય વધારી દેવાયો છે. પરંતુ વપરાશ પણ વધ્યો છે ત્યારે સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. શહેરમાં હાલ નર્મદા અને સેકટરોના બોર આધારિત પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જેમાં સેકટરોમાં બોર કાર્યરત છે. સેકટરોમાં અંદાજિત ૫૦ જેટલા પાણીનો બોર છે. જયારે પાણીની લાઈન ભરવા માટે પ્રથમ બોરમાંથી પાણી સપ્લાય આપવામાં આવે છે. જયારે આકરી ગરમીમાં વધુ પાણી આપવા માટે બોર ચલાવાના કલાકો પણ વધારી દેવાયા છે. જેથી નર્મદાની સાથે બોરનુ પાણી પણ પુરતા પ્રમાણમાં સપ્લાય કરી શકાય જેં માટે રાત્રિના ૨ થી સવારે ૯ કલાક સુધી સેકટરોના તમામ બોર કાર્યરત હોય છે.

## શહેરમાં પાણીના વપરાશની સાથે બગાડ પણ ચિંતાનો વિષય

શહેરમાં આકરી ગરમીમાં પાણીનો વપરાશ વધતા સપ્લાય વધારાયો છે. પરંતુ પાણીના વપરાશની સાથે પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. રોજનુ લાખો લીટર પાણી વેડફાય છે. આકરી ગરમીમાં રહેણાંક વિસ્તારમાં શહેરીજનો બાગ બગીચાઓમાં પણ જરૂરિયાતથી વધુ પાણી વહેતુ મુકી દે છે જેના લીધે પાણીનો બગાડ પણ વધુ થાય છે. હાલ શહેરમાં પાણીની લાઈનનુ ખોદકામ ચાલી રહ્યુ છે ત્યારે લાઈનમાં લીકેજીસની સમસ્યા પણ વધી છે જેના લીધે પણ પાણીનો બગાડ વધ્યો છે. આ ઉપરાંત પાણીના બગાડ મામલે સરકારી કચેરીઓ પણ જવાબદાર છે. શૌચાલયોમાં પણ પાણીના નળ ઘણીવાર ખુલ્લા જોવા મળે છે.

## પાણીની પોકાર માટે સાડા ચાર દાયકા જુની મશનીરી અને લાઈન પણ જવાબદાર

શહેરના સેકટરોમાં પાણીના બોર કાર્યરત છે. તમામ સેકટરોમાં પાણીના બોર છે. જયારે કેટલાક સેકટરોમાં નવા બોર પણ બનાવાયા છે. સેકટરોમાં ૮ જેટલા નવા બોર તૈયાર કરાયા છે. એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે લાઈનનુ કામ ચાલી રહુ છે. ત્યારે સરીતા અને ચરેડી પમ્પીંગ સ્ટેશનની ચાર દાયકાથી પણ જુની મશીનરી પણ પાણીની સમસ્યા માટે કયારેક જવાબદાર બને છે. ટેકનિકલ ક્ષતિ સર્જાતા સેકટરોમાં પાણીનો સપ્લાય પ્રભાવિત થાય છે. જો કે સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે ટુંકમાં પમ્પીંગ સ્ટેશનની મશીનરી બદલવાનુ કામ પણ પુર્ણ કરાશે

# શહેરમાં ૧૬મીએ પૂનમની રાત્રિમાં મનૂલાઈટ કાર્યક્રમ

**તા. ૧૬મી મે એટલે પૂનમની રાતે ચાંદનીના પ્રકાશમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાશ : તા. ૧૬મી મે ના રોજ રાત્રિના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન નગરની સ્ટ્રીટ લાઇટો બંધ રહેશે**

ગાંધીનગર, તા.૧૩

ચંદ્રમાની રાતની રાજયના પાટનગર વાસીઓ અનુભૂતિ કરી શકે અને પ્રકૃતિ-નિસર્ગ તરફ લગાવ થાય તેવા ઉમદા આશયથી રાજય સરકારની પ્રેરણા હેઠળ જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા મૂન લાઈટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સુચારું આયોજન માટે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડાૅ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીશ્રીઓની બેઠક યોજાઈ હતી. આ મૂન લાઈટનો કાર્યક્રમ તા.૧૬મી મે, ૨૦૨૨ રોજ યોજાશે. તેમજ તા. ૧૬ મી મે, ૨૦૨૨ના રોજ રાતના ચાંદની પ્રકાશમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સેન્ટ્રલ વિસ્ટા ખાતે કરવામાં આવ્યું છે.

આજના આધુનિક યુગમાં નાના બાળકો વીજળીથી ચાલતા બલ્બના પ્રકાશમાં ચાંદની રાતનું આકાશનું સૌદર્ય નિહાળવાનું ભુલી ગયા છે.ચંદ્રમાની રાતમાં આકાશને નિહાળી તેની સુંદરતાની અનુભૂતિ કરવાનો પણ એક જીવનમાં લહાવો હોય છે. પૂનમની રાતના આકાશની સુંદરતા ચંદ્રમાના પ્રકાશમાં વધુ નીખરતી હોય છે. પૂનમની રાત્રિના એક દિવસ આગળ અને એક દિવસ પાછળ ચંદ્રમાનો પ્રકાશ ખૂબ જ હોય છે. આ દરમ્યાન અનેક ખગોળીય નજારા સરળતાથી જોઈ શકાય છે. એટલે જ વીજળીના બચાવ, પ્રદૂષણ ઘટાડવા અને કુદરતના અનેરા સૌદર્યને નગરના નાના ભુલકાઓથી માંડી વડીલો નિહાળી શકે એ માટે ગાંધીનગર ખાતે તા. ૧૬મી મે, ૨૦૨૨ ના રોજ મૂન લાઈટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મૂનલાઈટ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર શહેરના વાસીઓ પોતાના ઘરના ધાબા પરથી પણ અનુભૂતિ કરી શકે તે માટે તા. ૧૬મી મે, એટલે કે પૂનમના રોજ રાત્રિએ ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો સિવાયની તમામ સ્ટ્રીટ લાઈટ રાતના ૯ થી ૧૨ કલાક દરમ્યાન બંધ રાખવામાં આવશે. નગરના તમામ સેકટરોના આંતરિક માર્ગો ચંદ્રમાના પ્રકાશથી ધ્યાનકર્ષિત બની જશે. નગરના સેકટરોના આંતરિક માર્ગોની લાઈટ બંધ થતાં કોઈ અન્છિનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આ ત્રણ કલાક દરમ્યાન સતત પેટ્રોલિંગ કરવામાં આવશે. આ અનેરા કાર્યક્રમમાં સર્વે નગરજનોને જોડાવા માટે જિલ્લા પ્રશાસન, ગાંધીનગરે સૌને વિનંતી કરે છે.

આ બેઠકમાં મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડાૅ. ધવલ પટેલ, નિવાસી અધિક કલેકટર શ્રી રીતુ સિંગ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી મોડિયા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જિલ્લામાં આજે ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચવાનું અનુમાન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૧૪મીએ ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચે અને ત્યારબાદ ૧૫ થી ૧૮ મે સુધી પારો ૪૨ ડિગ્રીએ સ્થિર થશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૧૩માં આ પૂર્વાનુમાન કરાયુ છે.

આ પૂર્વાનુમાનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૪૨ થી ૪૫ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૦ થી ૭૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૮-૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

દરમ્યાન જિલ્લામાં સતત ચાલી રહેલા હિટવેવને પગલે જિલ્લા ડિઝાસ્ટર એકમ દ્વારા હિટવેવને લઈ ખાસ એક્શન પ્લાન તૈયાર કરી અને અધિકારીઓને મોકલવામાં આવ્યો છે. જેમાં હિટવેવ એ ડિઝાસ્ટરની વ્યાખ્યામાં સમાવવામાં આવેલ છે.

આ ડિઝાસ્ટર પ્લાનમાં જિલ્લાના ચારેય તાલુકા માટે જિલ્લાના સિનીયર આરોગ્ય અધિકારીઓને લાયઝનીંગ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને હિટવેવથી કેવી રીતે બચી શકાય તે માટે લોકોમાં જાગૃત્તિ આવે તે જોવા પર ભાર મુકવામાં આવ્યો છે.

## ન્યુ ગાંધીનગરમાં ગટર લાઇનનુ ગેરકાયદેસર જોડાણ મેળવનારા સામે ગુડા દ્વારા કડક પગલા લેવાશે

**ગેરકાયદેસર જોડાણ નોટીસના અંતે દુર કરવામાં નહીં આવે તો લાઇન કટ ઓફ કરવાની સાથે કાર્યવાહી કરાશે : ગુડા દ્વારા ગટર લાઇન સહીત માળખાગત સુવિધાના કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે ત્યારે હવે ગેરકાયદેસર જોડાણકર્તાઓ સામે પગલા લેવા તંત્ર હરકતમાં આવશે**

ગાંધીનગર તા ૧૩

ગુડા દ્વારા પાણી , ગટર, સ્ટ્રીટ લાઈટ અને રસ્તા સહીતના માળખાગત સુવિધાના કામો અન્વયે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં એકબાજુ ગટર લાઈનના કામો માટે નવતર કામો હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. ત્યારે બીજીતરફ આ વિસ્તારમાં ગેરકાયદેસર ગટર લાઈન ધરાવનારાની સંખ્યા પણ વધુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા આવા ગેરકાયદેસર જોડાણકર્તાઓ સામે જોડાણ કાપવા સહીતની કડક કાર્યવાહી હાથ ધરવા માટે નિર્ણય લેવાયો છે.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ગટર વ્યવસ્થાને અનુલક્ષીને શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે અગાઉ ઉભી કરાયેલી ગટર વ્યવસ્થાની ગટર લાઈનમાંથી ગેરકાયદેસર જોડાણ મેળવ્યા હોવાની ફરિયાદો પણ વિશેષ રીતે ઉઠવા પામી છે. જયારે ગુડાના તંત્ર દ્વારા આ મામલે પણ જવાબદાર સામે યોગ્ય પગલા લેવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ગુડાના અધિકારીઓએ આ અંગે જણાંવ્યુ હતુ કે આ મામલે ગુડાના તંત્રને પણ ફરિયાદો મળી છે. જયારે આ મામલે યોગ્ય તપાસના અંતે આવા કિસ્સાઓ ધ્યાને આવશે તો નોટીસ આપવામાં આવશે જયારે જરૂર પડે તો નોટીસ આપવા સુધીના પગલા લેવાશે. પીવાના પાણી ગંદા પાણી તેમજ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સહીત માર્ગોની સુધારણા અને સ્ટ્રીટ લાઈટ સહીતની માળખાગત સુવિધાઓ માટે ગુડા દ્વારા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે જયાં આ સુવિધાનો અભાવ વર્તાય છે

● અનુસંધાન પાન-૭ પર

## બાંધકામ ટેન્ડરો ઊંચા ભરાઈને આવતાં લાખોની ગ્રાન્ટ જિલ્લા પંચાયતમાં વણ વપરાયેલી પડી છે

**પંચાયત ઘરના નિર્માણ માટેના ટેન્ડરો આખા રાજ્યમાં સૌથી ઊંચા આવતાં તંત્ર પણ મૂંઝવણમાં**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બાંધકામ વિભાગના ટેન્ડરો તેની મળેલ વહીવટીય મંજૂરીથી ઊંચા આવી રહ્યા હોવાથી લાખો રૂ.ની ગ્રાન્ટ વણ વપરાયેલી રહેવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આયુષના વેલનેસ સેન્ટરોના રિપેરીંગ અને અપગ્રેડેશનના ટેન્ડર હોય કે પછી પંચાયત ઘરના નિર્માણ માટેના ટેન્ડર હોય આ બધાજ ટેન્ડરો ઊંચા ભાવે મળી રહ્યા છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તાજેતરમાં પંચાયતના અધિકારીઓની મળેલ બેઠકમાં આ મુદ્દે તીવ્ર ચર્ચાઓ પણ થઈ હતી. જો કે રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં ૫ થી ૧૨ ટકા સુધીના ટેન્ડરો ઊંચા આવી રહ્યા હોવાની વાતને લઈ રાજ્ય સરકાર પણ ચોંકી ઉઠી છે.

જો કે ગાંધીનગર જિલ્લામાં તાજેતરમાં ૭ જેટલા પંચાયત ઘરના નિર્માણ માટેના જારી કરાયેલા ટેન્ડરમાં ૨૪ ટકાથી ૨૭ ટકા સુધીના ઊંચા ટેન્ડર આવ્યા છે. પંચાયત ઘરના નિર્માણ માટે સરકારે ફાળવેલ ગ્રાન્ટ માત્ર રૂ. ૧૪ લાખ છે. જ્યારે ટેન્ડરો આટલા ઊંચા અર્થાત આખા રાજ્યમાં સૌથી ઊંચા આવ્યા હોવાથી હવે તંત્ર પણ મૂંઝવણમાં મુકાયુ છે.

પંચાયતના વર્તુળોમાં એવી પણ ચર્ચા જાગી છે કે પંચાયત ઘરના ટેન્ડરો અગાઉ રદ કરાયા હતા પરંતુ હવે શું કરવું તેનો નિર્ણય લેવામાં મુંઝવણ ઉભી થવા પામી છે.

સામાન્યતઃ આટલા બધા ઊંચા ટેન્ડર આવતાં સરકારમાં દરખાસ્ત કરી અને ટેન્ડરની ચકાસણી કરવા મોકલવામાં આવતા હોય છે. બીજી તરફ ટેન્ડરો જે રીતે ઊંચા ભરાઈને આવ્યા છે તેમાં રીંગ થયાની વાતો પણ ચર્ચાઈ રહી છે.

તાજેતરમાં ડસ્ટબીન અને આર.ઓ. પ્લાન્ટની ખરીદીને લઈ ભ્રષ્ટ્રાચારની ઉઠેલી વાતો હજુ શમી નથી ત્યાં આ નવો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. તંત્ર હવે શું નિર્ણય લેશે તેના પર સૌની નજર મંડાયેલી છે કારણ કે આ મુદ્દે મંજૂર થયેલ ગ્રાન્ટ પછીનો ખર્ચ જિલ્લા પંચાયતના સ્વભંડોળ સદરે કરવાનો થાય તો પંચાયતનું સ્વભંડોળ ખલાસ થઈ જાય અને પંચાયતની આર્થિક સ્થિતિ કથળી શકે છે.

# હવે ગાંધીનગરની નિફટમાં કોરોના પોઝિટિવ કેસો મળતાં ખળભળાટ..!!

**સાત વ્યકતિને કોરોના પોઝિટિવ અને ત્રણ ઓબ્ઝર્વેશન હેઠળ : સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર આંકડો મોટો હોઇ શકે છે : માઇક્રો કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયો છતાં કેમ્પસમાં તમામ ગતિવિધિઓ યથાવત્**



ગાંધીનગર, તા.૧૩

એક તરફ કોરોના મહામારીની જાણે વિદાય થઈ ગઈ હોય તે રીતે સર્વત્ર માહોલ સર્જાયો છે, અને સરકારથી માંડીને પ્રજા સુધી સૌ કોઈ નિશ્ચિંત બનીને માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સ વગર ફરી રહ્યાં છે ત્યારે ચોથી લહેર શરૂ થવાના ભણકારામાં રાજયના પાટનગરનું યોગદાન બને તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. તાજેતરમાં જીએનએલયુ કેમ્પસમાં અચાનક ફેલયેલા કોરોના કેસોને કારણે ચકચાર મચવા પામી હતી અને હવે ગાંધીનગર ખાતેની વધુ એક શૈક્ષણિક સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજીમાં અચાનક જ કોરોના કેસો જોવા મળતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. નિફટના આસિસ્ટન્ટ ડાયરેકટર ચિરાગ સોલંકીના જણાવ્યાં અનુસાર ગઈ કાલે કરાયેલાં ટેસ્ટિંગમાં સાત વ્યક્તિના કોરોના પોઝિટિવ આવ્યાં હતા જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છે. જોકે સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર આ આંકડો મોટો હોઈ શકે છે. પોઝિટિવ આવેલા વિદ્યાર્થીઓને આઈસોલેટ કરાયાં હોવાનું જોઈન્ટ ડાયરેકટર મનીષ ભાર્ગવે જણાવ્યું હતું.

સપ્તાહના પ્રારંભથી જ અમદાવાદ ખાતેના એનઆઈડી કેમ્પસમાં થયેલાં કોરોના વિસ્ફોટને પગલે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે ત્યારે હવે નિફટ ગાંધીનગરમાં પણ કોરોના વાયરસનો ઓછાયો સર્જાતા ફરી સ્થિતિ વણસે તેવા સંકેત પ્રાપ્ત થઈ રહ્યાં છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સતત નિફટ કેમ્પસમાં ટેસ્ટિંગ ડ્રાઈવ યોજવામાં આવી રહી છે અને નિફટ ગાંધીનગર કેમ્પસને માઈક્રો

● અનુસંધાન પાન-૭ પર

## આજના આરટીપીસીઆરના રિપોર્ટ હજુ કાલે આવશે



ગાંધીનગર મહાનગરપાલિકાના સેક્ટર-૨ ખાતેના અર્બન હેલ્થ સેન્ટરની ટીમ દ્વારા નિફ્ટ કેમ્પસમાં ટેસ્ટિંગ ડ્રાઈવ યોજવામાં આવી રહી છે અને અત્યાર સુધીમાં આશરે પોણા ત્રણસો જેટલાં ટેસ્ટિંગ કરવામાં આવી ચુક્યાં છે. ગઈકાલે આ ડ્રાઈવમાં કુલ સાત કેસ પોઝિટિવ મળી આવ્યાં હતા. આ સાથે ત્રણેક વ્યક્તિને ઓબઝર્વેશન હેઠળ રખાયા છે. આજે કરવામાં આવેલા ટેસ્ટિંગના આરટીપીસીઆર રિપોર્ટ હજુ આવતીકાલે આવશે તેવું સે.૨ હેલ્થ સેન્ટરના તબીબ ડો. હેમાબેન ભટ્ટે જણાવ્યું હતું.

## કેમ્પસમાં બેરોકટોક રમતાં શ્રમિક બાળકોની જીંદગી જોખમાઈ શકે



કેમ્પસમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતાં જોવા મળી રહ્યાં છે જેમાં અનેક વિદ્યાર્થીઓ, ફેકલ્ટીઓ તેમજ અન્ય સ્ટાફ દ્વારા માસ્ક પહેરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. કેમ્પસના પ્રવેશદ્વારેથી પ્રવેશનારાઓના થર્મલ સ્કેનરથી ટેમ્પરેચર ચેક કરાવામાં પણ બેદરકારી જોવા મળી હતી. વળી, કેમ્પસમાં કન્સ્ટ્રક્શન કામ પણ ચાલી રહ્યું છે જેમાં કાર્યરત શ્રમિક પરિવારના બાળકો માસ્ક વગરના વિદ્યાર્થીઓની આસપાસમાં જ બેરોકટોક રમતાં રમતાં જોવા મળ્યાં હતા. શક્ય છે કે આ બાળકોને કોરોના પ્રતિરોધક રસી પણ આપવામાં આવેલી નહીં હોય, અને જો તેમ હોય તો આ બાળકોની જિંદગી માટે જોખમી સ્થિતિ સાબિત થઈ શકે છે જેની જવાબદારી કોની રહેશે તે સવાલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com